R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા
વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-24 • ISSUE: 48 DATE: 28-11-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ૧ એપ્રિલ,૨૦૧૬થી બિહારમાં સંપુર્ણ દારુબંધી દાખલ કરાશે : ચુંટણી વાયદાનું પાલન કરતાં નિતિશ

બિહારમાં પાંચમી વખત સત્તારુઢ થયેલા નીતીશકુમારે પોતે કરેલા ચુંટણી વાયદાનું પાલન કરવા માટે રાજયમાં સંપુર્ણ દારુબંધી લાદવાનો નિર્ણય લીધો છે.નીતિશકુમારે આ અંગેની જાહેરતા કરતાં જણાવ્યું હતું કે ૧ એપ્રિલ, ૨૦૧૬થી રાજયમાં સંપુર્ણ દારુબંધીનો અમલ શરુ કરવામાં આવશે.મદ્ય નિષેધ દિવસ પર સચિવાયલયમાં આયોજિત એક કાર્યક્રમમાં આ અંગે તેમણે જણાવ્યું હતું.તેમણે કહ્યુ હતું કે સરકાર એક એજન્ડા તૈયાર કરી રહી છે. જેની પર અમલ કરતાં રાજયમાં દારુબંધી લાગુ કરવામાં આવશે.તેમણે એમ પણ કહ્યુ હતું કે રાજય આવક મેળવવાની લાલચે નવી પેઢીને બરબાદ થતી જોઈ શકે તેમ નથી.ફાયદો-નુકશાન વ્યાપારમાં હોય છે. દારુમાં નહીં. તેમણે કહ્યું હતું કે દારુબંધી લાદવાથી રાજયની આવક ઘટી જશે. પરંતુ તેને સરભર કરવા માટે બીજો કોઈ માર્ગ શોધી કાઢવામાં આવશે.તેમણે વિધાનસભાની ચુંટણી પહેલાં રાજયની મહિલાઓને વાયદો કર્યો હતો કે તેઓ સત્તા પર આવશે તો રાજયમાં સંપુર્ણ દારુબંધી લાગુ કરશે.

## આમીરખાનના અસહિષ્ણુતાના મામલે કરાયેલ નિવેદનના કારણે દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા

દેશભરમાં ચાલી રહેલા અસહિષ્ણુતાના વાવરને મામલે ફિલ્મ અભિનેતા આમીરખાને આપેલા નિવેદન બાદ દેશભરમાં વિવાદોનું વાતાવરણ ઉભુ થયું છે.ભાજપ સહિત અન્ય કેટલાક રાજકીય પક્ષોએ આમિરની ટીકા કરી હતી.તો કોગ્રેસ સહિત અનેક પક્ષોએ તેની તરફેણમાં નિવેદનો કર્યા હતા.જો કે આક્ષેપ એવો કરવામાં આવ્યો હતો કે આમિર તેની આગામી ફિલ્મ દંગલની પબ્લીસીટી માટે આ એક સ્ટંટ કર્યો છે.

ભાજપે આમિરના નિવેદનને એક દેશની છબી ખરડવાનું કોગ્રેસનું કાવતરુ ગણાવ્યુ હતું.તો કોગ્રેસે કહ્યુ હતું કે સરકાર તેના ટીકાકારોને દેશદાઝ વગરના ન ગણવા જોઈએ અને તેમને સાચુ બોલવા અંગે ધમકાવવા ન જોઈએ.પ્રવાસને પ્રોત્સાહન આપવા માટેની સરકારની ઝુંબેશ ઈનક્રેડિબલ ઈન્ડીયા ના એમ્બેસેડર એવા આમિર ખાને એક સમારોહમાં કહ્યુ હતું કે છેલ્લા છ માસથી આઠ માસ દરમિયાન દેશમાં અસહિષ્ણુતાની વધતી જતી ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.તેમની ચિંતાએ વિવાદનું સ્વરુપ ધારણ કર્યુ હતું.આમિરે કહ્યુ હતું કે તેની પત્ની કિરણ અને હુ ભારતમાં અમારુ જીવન જીવીએ છીએ. પરંતુ પહેલી વખત તે બોલી હતી કે આપણે ભારતમાંથી જતા રહેવું જોઈએ. તે તેના બાળકના ભવિષ્ય માટે ડરે છે.તે આપણી આજુબાજુ વાતાવરણ કેવું હશે તેનાથી ડરે છે.

ભાજપના કેટલાક નેતાઓએ આમિરની ટીકાઓ કરી જે વિવાદાસ્પદ બની છે.કેટલાકે કહ્યું હતું કે ભારતની બહાર જઈને ક્યાં જશે.કેટલાકે પાકિસ્તાન ચાલ્યા જવાનું કહ્યું.વિગેરે. પરંતુ કોઈએ અસહિષ્ણુતા બાબતે ચિંતા વ્યક્ત કરી નથી. સત્તા પર બેઠેલા લોકોએ વડાપ્રધાન આ બાબતે બોલે અને તેમના સાથીઓને અટકાવે તેવું ઈચ્છી રહ્યા છે. જ્યારે ભાજપ એવું સમજે છે કે સત્તા પલટાવવા માટેના આ ઉધામા છે.

## આમીર ખાનના ઘર બહાર હિન્દુ સેનાના કાર્યકર્તાઓનું વિરોધ પ્રદર્શન

ફિલ્મ અભિનેતા આમીર ખાને અસહિષ્ણુતાના મુદ્દે આપેલ નિવેદન બાદ ભાજપની ભગીની સંસ્થાઓના વિરોધ પ્રદર્શનો શરુ થઈ ગયા.મુંબઈ ખાતે હિન્દુ સેનાના કાર્યકર્તાઓએ આમીર ખાનના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યુ હતું.જો કે પોલીસે તેમની અટકાયત કરી હતી.જ્યારે શિવસેનાના એક કાર્યકરે આમીર ખાનને એક લાફો મારે તેને એક લાખ રુપીયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. જ્યારે ભાજપના સાંસદ તેજ નિવેદનો માટે જાણીતા યોગી આદિત્યનાથે કહ્યું હતું કે જો તે ભારત છોડવા માંગતો હોય તો તેને કોઈ રોકશે નહી.તેનાથી કંઈ નહી પણ દેશની વસતી ઓછી થશે.આમ અસહિષ્ણુતાના મુદ્દે થતા નિવેદનો અને તેના વિરોધમાં થતાં નિવેદનોથી દેશ રાજકારણ ગરમાયું છે.

## ભારતે દ.આફ્રિકા સામે ક્રિકેટ શ્રેણી જીતી

ભારત અને દ.આફ્રિકા વચ્ચે રમાઈ રહેલ ટેસ્ટ ક્રિકેટ સીરીઝમા નાગપુર ખાતે રમાઈ રહેલ ત્રીજી ટેસ્ટમાં ૧૨૪ રને વિજય મેળવ્યો હતો.ભારત તરફથી રવિચંદ્રન અશ્વિને વેધક બોલીંગ કરીને હરિફ ટીમનો સફાયો કરી દીધો હતો.જો કે ભારતે આ સાથે શ્રેણીમાં બે ટેસ્ટ જીતીને ટેસ્ટ શ્રેણી જીતી લીધી છે.સહુથી અગત્યની બાબતતો એ છે કે આ ટેસ્ટમાં બેમાંથી એક પણ ટીમનો એક પણ ખેલાડી અડધી સદી નોધાવી શક્યો નથી.ઓછો સ્કોરની મેચ બની હતી.૧૯૮૧ સુધીમાં ઓછા સ્કોરની મેચો થઈ હોય તેવા છ પ્રસંગો ક્રિકેટ ઈતિહાસમાં બન્યા છે. ઘણા વર્ષો બાદ ફરીથી ભારતીય સ્પીનરોનો જાદુ જોવા મળ્યો હતો.

## રાષ્ટ્રપતિ વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં હાજર રહેશે

ગુજરાત વિદ્યાપીઠના ૬૨માં પદવીદાન સમારંભમાં હાજર રહેશે.આ સમારંભમાં ૨૫ વર્ષ બાદ ફરી એકવાર ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાના છે.આ પ્રસંગે છાત્રો દ્વારા વણેલી આંટીનું કાપડ રાષ્ટ્રપતિને અર્પણ કરાશે.

## ચીનમાં આવેલ મંદીની અસરો ભારતના અર્થતંત્ર માટે ચિતાજનક છે : ભારતીય રિઝર્વ બેન્ક ગર્વનર રઘુરામ રાજન

ચીનની આર્થિક મંદીથી ઉભી થયેલ અસરો ભારતીય અર્થતંત્રને ગંભીર અસરો આપી રહી છે.ભારતીય રિઝર્વ બેન્ક ના ગર્વનર રઘુરામ રાજને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના દાવાઓની બિલકુલ ઊંધી દિશામાં તેમનો મત જઈ રહ્યો છે.સરકારનું કહેવું છે કે ચીનની અર્થ વ્યવસ્થામાં વ્યાપેલી મંદીની ભારત પર અસર થશે નહીં.

ચીનની આર્થિક મંદી એ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે.ભારતમાંથી ચીનમાં થતી નિકાસની માંગ થોડી ઘટી છે.પરોક્ષ રીતે એવા ઘણાં દેશ છે કે જે ચીનને જોઈએ એટલી નિકાસ કરી શકતા નથી.એવું હોગકોંગ સ્થિત એક માધ્યમને આપેલી મુલાકાતમાં રાજને જણાવ્યુ હતું.

ભારત કોમોડીટીનું આયાતકાર રાષ્ટ્ર છે.આંતરરાષ્ટ્રીય બજારમાં કોમોડીટીના ભાવ ઘટવાથી તેને મદદ મળી છે.આથી આ સમયે ભારત ઉપરબહુ ખરાબ અસર થઈ નથી.તેમ છતાં પણ ચીનની આર્થિક મંદીની અમારા પર પ્રતિકુળ અસર થઈ છે.કેમકે ચીનની સુસ્તીની વૈશ્વિક આર્થિક વૃધ્ધિ પર અસર થઈ છે અને ભારત વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે સારી રીતે સંકળાયેલું છે.એવું રાજને કહ્યું હતું.

નાણામંત્રી અરુણ જેટલીએ પાછલા મહિને કોલંબિયા યુની.માં જણાવ્યું હતું કે ભારત પર મંદીની કોઈ અસર નથી. ભારત ચીનની પુરવઠા શ્રુંખલાનો હિસ્સો નથી. જેટલીના જણાવ્યા પ્રમાણે ચીનની સુસ્તીને નજર સમક્ષ રાખવામાં આવે તો ભારત વૈશ્વિક અર્થ વવ્યસ્થા માટે પુરક સહારો બની શકે છે.તાજેતરમાં જ ભારત દ્વારા ચીની અર્થવ્વવસ્થા અંગે કરાયેલી કેટલીક પ્રતિક્રિયાની ચીનના સમાચાર માધ્યમોએ ઝાટકણી કાઢી હતી. આ પ્રતિક્રિયાઓમાં કહેવાયું હતું કે ચીનનું આર્થિક દર્દ ભારત માટે અવસર સમાન છે.

આપણે ચીનના ઉત્પાદન ક્ષેત્રની સફળતામાંથી શીખ લેવી જોઈએ. જોકે તેમણે કહ્યું હતું કે આપણે ચીનના માર્ગે આંખો બંધ કરીને ચાલવું જોઈએ નહીં.આપણો માર્ગ આપણે પસંદ કરવાનો છે.

## સંસદમાં અસહિષ્ણુતાના મુદ્દે વિપક્ષોની કાગારોળ

સંસદના શરુ થયેલા શિયાળુ સત્રમાં લોકસભામાં અપેક્ષા મુજબ અસહિષ્ણુતાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો,આ મુદ્દાની સાથે બંધારણની પણ ચર્ચા થઈ હતી.અને તેની સાથે સેક્યુલારીઝમ મામલે સત્તારુઢ પક્ષ અને કોગ્રેસ સહિતના વિપક્ષી સભ્યો વચ્ચે ભારે બહસ થઈ હતી.લોકસભાના પ્રથમ દિવસે ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીના ભાગરુપે કમિટમેન્ટ ટુ ઈન્ડીયાઝ કોન્સ્ટિટ્યુશન અંગે ચર્ચા થઈ હતી.ભાજપના કેન્દ્રમા મંત્રી થાપર ચંદ ગેહલોતે અયોધ્યામાં રામમંદિર,એકસમાન સિવિલ કોડને અમલમાં મુકવા અને જમ્મુ કાશ્મીર સાથે સબંધિત આર્ટિકલ ૩૭૦ નાબુદ કરવાનો પોતાનો જુનો રાગ દોહરાવ્યો હતો.જો કે વિપક્ષોએ અસહિષ્ણુતાનો મુદ્દો બરાબર ગરમ કર્યો હતો.તેમજ વડાપ્રધાન પર આ મુદ્દે મૌન તોડવા વારંવાર આગ્રહ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે બંધારણના ઘડવૈયાએ ક્યારેય પણ ધર્મનિરપેક્ષતા શબ્દ મુકવા અંગે વિચાર્યો પણ ન હતો.પરંતુ ૧૯૭૬માં એક સુધારા સાથે તે સામેલ કરાયો હતો.જો કે ગૃહમંત્રીના આ દાવાને કોગ્રેસ સહિતના અન્ય વિરોધ પક્ષોએ આ બાબતનો વિરોધ કર્યો હતો.ભારતીય જનતા પાર્ટીને કોઈપણ રીતે લોકસભામાં બંધારણની બાબતોને લઈને પોતાના અર્થો અને પોતાની રીતે રજુ કરીને બંધારણમાં તેનો પોતાની રીતે ઉપયોગ કરવાની જુની પ્રબળ ઈચ્છા છે.જો કે અસહિષ્ણુતાના મુદ્દે તમામ વિરોધ પક્ષોએ એકમત બનીને આ મુદ્દો ઉઠાવ્યો હતો.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

## નવ ક્રાંતિ

ચુંટણી પંચનીં ભુમિકા આ ચુંટણીમાં શંકાના દાયરામાં આવી ગઈ.બિહારમા ભાજપના સફાયા બાદ દેશભરના લોકોનું ધ્યાન ગુજરાતમાં થઈ રહેલ ચુંટણી પર કેન્દ્રીત હતું.ગુજરાતના ઈતિહાસમાં સહુ પ્રથમ વાર સેકડો મતદારો,આખે આખી સોસાયટીઓના નામો રદ થઈ ગયા હતા.અનેક હોબાળો મચ્યા પણ ચુંટણી પંચના પેટનું પાણી હાલ્યું નહીં.પરિણામે ચુંટણી પંચ સરકારી પોપટ હોવાનો લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે તે વાહિયાત લાગતો નથી.હાઈકોર્ટે ચુંટણીપંચને સખ્ત શબ્દોમાં ઠપકો આપ્યા બાદ ચુંટણીપંચે કામગીરી શરુ કરી હતી. આ પહેલા ગુજરાતમાં ચુંટણી કરવા માટે સારી પરિસ્થિતિ નહિ હોવાનું બહાનું ધરીને સરકારના પોપટની જેમ ચુંટણી પાછી ધકેલી દીધી હતી.પરંતુ ભલુ થજો હાઈકોર્ટેનું કે તેમણે ચુંટણી પંચનો કાન આમળ્યો અને ચુંટણી કરવા માટે આદેશો આપ્યા.

હવે ખરો ખેલ ચુંટણી પંચે પાડ્યો.ઈ-વોટિંગનો ફીયાસ્કો થયો.લાંબુ અંતર કાપ્યા છતાં ઈ વોર્ટીંગ નહિ થઈ શકવાનો મતદારોને અફસોસ રહ્યો.મતદારોની યાદીમાંથી એક લાખ નામ ગુમ થઈ ગયા.ડીલીટનો સિક્કો લગાવેલ યાદીઓ જોતાં ભારે કુતુહલ જન્મ્યું.પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારોમાંથી સામુહિક ડિલીટ લખેલી યાદીઓ જોવા મળી.વેબસાઈટો ચુંટણીપંચની ચાલતી નહોતી.એટલે દાળમાં કાળુ લાગ્યું.પાટીદારોએ સરકારને ફેકેલ પડકારનો જવાબ તેમને આપી દેવાયો છે.મત આપશો તો સરકાર જશેને ? હવે કોગ્રેસ અને પાટીદારો આ બાબતે કોર્ટમાં જાય ત્યારે ખબર પડશે કે દાળમાં કાળું કેવી રીતે થયું જો અદાલતો સરકારની શેહમાં ન રહે તો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in


# ગૌમાંસ પીરસાતુ હોવાની ફરિયાદને પગલે પડાયેલ દરોડા ગેરકાનુની

ગૌમાંસ પીરસવાતું હોવાની ખોટી ફરિયાદને કારણે દિલ્હી પોલીસે કેરળ હાઉસની કેન્ટીનમાં દરોડા પાડ્યા હતા.દિલ્હી પોલીસે પાડેલ દરોડાના મામલે દિલ્હીના ડીવીઝનલ કમિશ્નરે તપાસ કરીને પોતાનો રીપોર્ટ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સોપી દીધો છે.આ રિપોર્ટમાં પોલીસે લીધેલા પગલાંને તદ્દ્ન અયોગ્ય ગણાવવામાં આવ્યા છે.રિપોર્ટમાં જણાવાયું છે કે આ મામલે દિલ્હી પોલીસે ભુલો કરી છે.ગૌમાંસ વેચાણ મામલે આ પ્રકારે દરોડા પાડવા એ નિયમોનું છડેચોક ઉલ્લંઘન છે. પોલીસને કેન્ટીન પર દરોડો પાડવાનો કોઈ અધિકાર નથી.હવે જો રિપોર્ટમાં આ પ્રમાણે દર્શાવાયું છે તે પ્રમાણે જોતા કેરળની કેન્ટીનમાં જે દરોડો પાડવામાં આવ્યો તેમાં પોલીસ તો મુર્ખ ઠરે છે અને સાથોસાથ જેમણે ખોટી ફરિયાદ કરી છે તેઓ વધારે મુર્ખ ઠરે છે.

હવે મુર્ખ ઠરવાનો સવાલ નથી પરંતુ જેમણે આ કાર્ય કરવા પાછળ પોલીસની ઉપર દબાણ કર્યુ તેઓની સામે કડક કાર્યવાહી કરવી જરુરી છે.દેશમાં ગૌમાંસની અફવા અને શંકાને આધારે ભારતીય જનતા પાર્ટી સાથે સંલગ્ન કેટલીક સંસ્થાઓ રસ્તાઓ ઉપર પોલીસનો સાથ લઈને રેડો કરતી હોય છે.પોલીસ સાથે હોવાથી આવા તત્વોને કોઈ આંચ આવતી નથી.પોલીસને સત્તા પર બેઠેલા લોકો દ્વારા આવા તત્વોને મદદ પુરી પાડવા માટે ખાસ સુચનાઓ અપાતી હોય છે.પરિણામે શંકા અને અફવાઓને કારણે અનેકો વખત નિર્દોષ લોકોની હેરાનગતિ થાય છે.ધર્મના ઓઠા હેઠળ આવા કારસાઓ કરીને કેટલાક તત્વો બેફામ નાણાં ઉઘરાવતા હોવાનું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.સરકારે આવા કોઈપણ પ્રકારના સંગઠનોને સાથ નહી આપવા માટે પોલીસ બેડાને ખાસ સુચના આપવી જરુરી છે.અન્યથા પોલીસે તમામ કાર્યવાહીની જવાબદારી અને સજા સ્વીકારવી જોઈએ. થોડાક સમય પહેલા જીવદયાને નામે બે બકરા ભરેલી ટ્રકો પકડેલી અને તેના જાનવરોના મોત થતાં તેના માલિકોએ કાયદેસર રીતે કોર્ટમાં રુ.૧૨ લાખની નુકશાનીનો દાવો જીવ દયાના કાર્યકરો અને પોલીસને માથે ઠોક્યો હતો.આમ કેટલાક તત્વોને પબ્લીસીટી અને નાણાં મેળવવા માટે કીમીયા કરતા હોય છે.આ બધામાં સરકારની આબરુનું લીલામ થાય છે તે રોકવું જોઈએ. કેરળ સરકારે કેન્દ્ર સરકારને કાયદા મુજબ કામ કરવાની આપેલ ધમકી મુજબ હવે પોલીસનો વાંક નિકળતા કેન્દ્રે માંફી માંગવાનો વારો આવ્યો છે.

# બીફના મુદ્દે કેરળ પ્રદેશ એક મત

તાજેતરમાં દિલ્હીમાં એક ચાર રસ્તા પર વિદ્યાર્થીઓના ટિફિન ખોલાવીને તપાસ થઈ રહી હતી.કંઈક શોધવાનો પ્રયાસ હતો.એક પત્રકારને પણ પકડ્યા અને ટિફિન ન હોવા છતાં પ્રશ્નો કર્યા. પોલીસે પોલીસ સ્ટેશનમાં સાત કલાક બેસાડી રાખ્યા.પરિવારને એક ફોન પણ ન કરવા દીધો. તેનો વાંક શું ? તે પત્રકારને નાતે જવાબદારી અદા કરવા માંગતો હતો. તેને અશોક રોડ પર ભાજપના મુખ્યાલયની સામે યોજાયેલા ‘બીફ પીકનીક’ના કાર્યક્રમને કવર કરવાની ફરજ સોપાઈ હતી.જેની જાહેરાત વિદ્યાર્થીઓએ દાદરી કાંડના વિરોધમાં કરી હતી.કટ્ટર પોલીસે નૈતિકતાના નામે શીખ આપતાં તે રિપોર્ટરને છોડ્યો, ધમકાવ્યો, અપમાન કર્યું.પીવા માટે પાણી પણ ન આપવામાં આવ્યું.શૌચાલય પણ જવા દેવામાં ન આવ્યો. તેની સામે નફરતભરી રીતે વ્યવહાર થયો.’’કાયદો ગુનેગારોનું રક્ષણ કરી શકે છે પણ પત્રકારો જેવા પાપીનું નહી’’ એક અધિકારીએ ત્યાં સુધી કહ્યું કે તારા માતાપિતાએ શીખવ્યું છે શું ?બહાર જાઓ અને બીફ ખાઓ ? ઈન્ચાર્જ અધિકારીના પ્રત્યાઘાત સહુથી વધુ ખરાબ હતા. તેમણે ધમકાવી કહ્યું કે જો દેખાવકારોને મળીશ તો ટુકડે ટુકડા કરી નાંખીશું. ત્યારબાદ થોડાક દિવસે પોલીસની એક ટુકડી કેરળ હાઉસમાં ગઈ. ત્યાં કોઈ ફોન કોલથી પોલીસ આવેલી.ફરિયાદ એ હતી એ કેરળ હાઉસમાં બીફ પીરસવામાં આવે છે. પોલીસ કર્મચારીઓએ કેન્ટીન અને કિચનમાં દરોડો પાડ્યો. ફ્રીજ જોયાં અને તેમને થોડાક ચિકનના ટુકડા મળ્યા એટલે તેઓ જતા રહ્યા. ધાંધલ-ધમાલ પણ થયેલી. જોકે કેરળવાસી એક અન્ય મોરચે હેરાન હતા. નેતાઓએ આશ્ચર્યને રાજ્યની સ્વાયત્તતામાં દખલગીરી જણાવી હતી.સીપીએમના મહાસચિવ સીતારામ યેચુરીએ તેને મોરલ પોલીસીંગ કહ્યું. રાજ્યના મુખ્યપ્રધાન ઓમાન ચાંડીએ કેન્દ્ર વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહીની ધમકી આપી. માફી માંગવાની વાત પણ કરી.સામાન્ય મલયાલિએ પોતાની અંગત આઝાદીની અને વ્યક્તિગત અધિકારોની વાત કરી.જે થયું તેના ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા.ખરેખર દિલ્હી પોલીસે મર્યાદા વટાવી દીધી.બંધારણીય જવાબદારી ભુલી જઈ નીતિમત્તાને નેવે મુકી તેણે વ્યવહાર કર્યો. બીફના મુદ્દે પોલીસે તેને છાજે તેવો વ્યવહાર ન કર્યો.કેરળમાં બીળ સહુને ભાવતી આઈટમ છે.૮૦ ટકા કેરળવાસી તેનું નિયમિત સેવન કરે છે.ખ્રિસ્તી,મુસ્લીમ ઉપરાંત હિંદુઓના ઘરમાં પણ તે પીરસાય છે. એક અભ્યાસ મુજબ હિંન્દુ સહુથી વધુ બીફ ખાય છે.બીફને આરોગ્યપદ કહેવાય છે.પ્રમાણમાં સસ્તુ પણ હોય છે.અન્ય મીટની ખપત ૪૦ ટકા છે.કેરળમાં હિંદુ-મુસ્લીમ અને ખ્રિસ્તી વચ્ચે સાંસ્કૃતિક ભાઈચારો છે. સદીઓથી સહ અસ્તિત્વ છે.કયારેય કોઈ સંઘર્ષ નથી થયો.ઉત્તર ભારત તેનું સાક્ષી છે.શાકાહારી હિંદુ પણ છે.સહુની પોતપોતાની પસંદ છે. બીફ ખાવાથી કોઈને અપરાધ-બોધ નથી થતો.કેરળ,બંગાળ,પુર્વોત્તર રાજ્યોમાં કાયદો પણ પ્રતિબંધનો ધર્મ ત્યાં છે.સૌથી વધુ સહિષ્ણુ લોકો માનવામાં આવે છે.૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે કેરળમાં ૫૪ ટકા હિંદુઓ,૨૬ ટકા મુસ્લીમો,૧૮ટકા ખ્રિસ્તીઓ છે.રાજકારણ પણ અહીં અલગ અલગ છે.દુનિયામાં પ્રથમ લોકતાંત્રિક રીતે ચુંટાયેલી સામ્યવાદી સરકાર કેરળમાં હતી.૧૯૫૭માં વિજય મેળવેલો. ૧૦૦ ટકા સાક્ષરતા છે.સામાજિક સુચકાંક પણ વધુ છે. જોકે નેતાઓ પરસ્પર લડતા રહે છે.પણ રાજ્યના કલ્યાણ માટે એકજ હોય છે.જળવિવાદ વખતે તમામ સાથે હતા.બીફ મુદ્દે કેરળમાં ભાજપનું વલણ પણ અલગ છે. પસંદ ના પસંદની વાત કરે છે. સમન્વયની વાત છે. કારણ એકજ છે કે અનેક હિંદુ નેતાઓ બીફ ખાય છે. ભાજપને સ્થાનિક સ્તરે સ્થિતિ સુધારવી છે તેથી તે પરિસ્થિતિ સાથે સમજુતી કરી લેવામાં માને છે.

(સૌ.સંદેશ)

રાજધાની દિલ્હીમાં ચાર રસ્તા પર વિદ્યાર્થીઓના ટીફીન તપાસાય,દિલ્હીમાં કોઈ કાર્યક્રમ કવર કરવા જનાર પત્રકારને પોલીસ પકડીને પુરી દે અને ધમકી આપે કે ટુકડા કરી દેવામાં આવશે. અસહિષ્ણુતા નહિ દેખતા દેશના નાણાંમંત્રીને આવા બનાવોની ખબર નહી હોય.પોલીસ પોતે જાતે કરતી નથી તેને કોઈ કામ કરવા માટે સત્તાધારીઓના ઈશારાઓની જરુર હોય છે.દેશમાં સબસલામતની બાંગ પોકારતા સત્તાધીશોનો કાન પ્રજાએ જ આમળવા પડશે.ભાજપના નામે કોઈપણ સંસ્થા કાયદો અને વ્યવસ્થાને કચડી નાંખે તે ચાલે નહીં.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## પૈસાનો જોર પર એક ચુંટણી જીતી શકો છો તેમજ લોકોને એક વાર મુર્ખ બનાવી શકો છો : શિવસેના

શિવસેનાએ બિહારમાં ભારતીય જનતા પાર્ટીની થયેલ હાર પર પ્રહાર કરતાં કહ્યું હતું કે તમે પૈસાના જોર પર એક ચુંટણી જીતી શકો છો.તમે લોકોને એક જ વાર મુર્ખ બનાવી શકો છો.શિવસેનાએ તેના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં લખ્યું હતું કે બિહારની ચુંટણીના પરિણામ રાષ્ટ્રીય રાજનીતિ પર ચોક્કસ અસરો પાડશે અને તે સાથે જ ભાજપમાં પણ વર્ચસ્વની લાઇ શરુ થઇ જશે.આ પરિણામ ભાજપ માટે આત્મમંથન સમાન છે. કારણકે લોકસભાની ચુંટણીના માત્ર દોઢજ વર્ષમાં આ પરિણામ આવ્યા છે.

મોદીના ખાસ અને લોકસભાના ભાજપાના વિજયના સુત્રધાર અમિત શાહને બિહારના પરિણામે ધુળ ચાટતા કરી દીધા .કારણકે નીતિશકુમાર કોઇ બિનજરુરી વાયદા ન આપ્યા.લોકોએ નીતિશને તેમની ઇમાનદારી માટે મત આપ્યા.જેમણે બિહારની ચુંટણી હળવાશથી લીધી તે હવે પરિણામનું મુલ્યાંકન કરવામાં ગંભીર થાય તો સારુ.ઘણા સમયથી ભાજપ અને મહારાષ્ટ્રમા તેના સાથી શિવસેના વચ્ચે તણાવનું વાતાવરણ જોવા મળે છે.અને શિવસેના દ્વારા ભાજપા પર આકરા પ્રહારો કરવામાં આવે છે. ત્યારે બિહારની ચુંટણીના પરિણામો બાદ શિવસેનાએ ટીકા કરી હતી.જો કે જ્યારે જ્યારે શિવસેનાને તક સાંપડી છે ત્યારે ભાજપના સાથી હોવા છતાં કડવી ટીકાઓ કરી છે.વિપક્ષની ગરજ સાથી તરીકે તેમને નિભાવી છે.તાજેતરમાં મહરાષ્ટ્રમાં થયેલ મનપાની ચુંટણીઓમાં શિવસેનાનો હાથ ઉપર રહ્યો છે.

## મહાન સંગીતકાર ઝુબીન મહેતાએ અસહિષ્ણુતાના મુદ્દે સમર્થન આપ્યું

મહાન સંગીતકાર ઝુબીન મહેતાએ તેમના જીવન પર લખાયેલ પુસ્તક 'ધ સ્કોર ઓફ માય લાઇફ'ના વિમોચન પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે સરકાર લેખકો કે કલાકારોની ઉપેક્ષા કરી શકે નહીં કેમકે આમ કરવાથી સાંસ્કૃતિક આપખુદી લાગુ થઇ જાય છે.આપણા લેખકો અને ફિલ્મ મેકર્સ તેમના મની વાત કહી રહ્યા છે.આપણે તેમની ઉપેક્ષા કરવી જોઇએ નહીં.આમ કરવાથી તો આપણે સાંસ્કૃતિક આપખુદશાહીના ભોગ બની જઇશું.

આમ દેશ અને વિદેશોમાંથી પણ વિદ્વાનો, લેખકો, કલાકારો, વિજ્ઞાનીઓ, ઇતિહાસકારો મોટી સંખ્યામાં દેશમાં વ્યાપેલી અસહિષ્ણુતાના મુદ્દે વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે.જ્યારે શાસક પક્ષને આ વિરોધ સામાન્ય લાગે છે.તેમના વિરોધીઓ તેમને સત્તામાં ઇચ્છતા નથી માટે કરે છે એવું માને છે.

## બીફ ખાવાના મુદ્દે સિધ્ધારામૈયાનો શિરચ્છેદ કરી નાંખવાની ભાજપના નેતા દ્વારા ધમકી

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ બીફખાવાનું સમર્થન આપતાં ભાજપના એક સ્થાનિક નેતાએ તેમન શિરચ્છેદ કરવાની ધમકી આપી હતી.દેશભરમાં બીફ અંગેનો વિવાદ શમતો નથી ત્યાં આ એક નવો વિવાદ છેડાયો છે.સિધ્ધારામૈયાને ભાજપના એક સ્થાનિક નેતાએ ધમકી આપતાં કહ્યું હતું કે જો તેમણે બીફ ખાધું તો તેમનું માથુ ધડથી અલગ કરી દેવાશે.પોલીસે આ નેતાની ઉશ્કેરણીજનક નિવેદન કરવા બદલ ધરપકડ કરી હતી.એક જાહેર સભામાં ભાષણ આપતાં ભાજપ નેતા અને શિમાંગોના પુર્વ કોર્પોરેટર એસ.એન.ચન્નાબસપ્પાએ સિધ્ધારામૈયાને ધમકી આપી હતી કે જો તેમનામાં હિંમત હોય તો તેઓ શહેરના ગોપી વિસ્તારમાં બીફ ખાઇ બતાવે.બસપ્પાએ કહ્યું હતું શું સીએમ ક્યારેય ગૌહત્યા કરી છે ? જો સીએમ બીફ ખાશે તો તેમનું માથું ધડથી અલગ કરી દેવાશે.બસપ્પાએ એમ પણ કહ્યું હતું કે બીફ ખાવા અંગે આવુ નિવેદન આપીને સિધ્ધારામૈયાએ હિંદુઓની લાગણીઓ દુભાવી છે. આપણે સહુ ગાયનુ દુધ પીને મોટા થયા છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## દેશમાં લઘુમતિઓમાં ડરનો અહેસાસ કરી રહ્યા છે.અસહિષ્ણુતાના મામલે ઇન્ફોસીસ સ્થાપક નારાયણમુર્તિએ ચિંતા વ્યક્તિ કરી

ઇન્ફોસીસના સ્થાપક એન આર નારાયણ મુર્તિએ દેશમાં વધી રહેલ અસહિષ્ણુતા અંગે ચિંતા વ્યક્ત કરી છે.દેશમાં લઘુમતિઓના મનમાં ઘણો ડર છે તેમ કહીને તેમણે આ લોકોમાં વિશ્વાસ પ્રસ્થાપિત કરવા માટેના પગલાં ભરવા સરકારને કહ્યું છે. એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે હું રાજકારણી નથી અને મને તેમાં રસ પણ નથી. હું તેની પર ટિપ્પણી કરવા માંગતો નથી પરંતુ આજે હકીકત એ છે કે દેશમાં લોકોના મનમાં ઘણો ડર છે. એક પ્રાંતથી અન્ય પ્રાંતમાં રહેતા લોકોમાં પણ ડરનો માહોલ છે.

૧૯૬૦ના દાયકામાં મુંબઇ રહેલા દક્ષિણ ભારતીયો સામે શિવસેનાએ ચલાવેલી ઝુંબેશનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે હાલમાં ભયંકર ચિંતાનો માહોલ છે. આ સરકારની પહેલી અગ્રીમતા કેન્દ્ર કે રાજ્ય સ્તરે એ છે કે તે આપણા દેશના લોકોના હિતમાં વિશ્વાસ,ઉર્જા અને ઉત્સાહ પાછો લાવે. જ્યાં સુધી લોકોમાં અવિશ્વાસ અને ડર રહેશે, જ્યાં સુધી બહુમતિ કોમ લઘુમતિ કોમ પર જુલમ કરતી રહેશે ત્યાં સુધી અવિશ્વાસ રહેશે. આમ નહી થાય ત્યાં સુધી દેશમાં સ્થિર આર્થિક પ્રગતિ શક્ય નથી.એમ તેમણે ઉમેર્યું હતું.ઇન્ફમેશન ટેકનોલોજીના માંધાતાએ કહ્યું કે કોઇ દેશ જ્યાં સુધી તેના નાગરિકો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ રહે ત્યાં સુધી પ્રગતિ કરી શકતો નથી. ટીવી ન્યુઝ ચેનલની ચર્ચામાં તેમની સાથે ભાગ લેનારા રાજ્ય કક્ષાના મંત્રી જયંત સિંહાએ કહ્યું કે તેઓ મુર્તિ સાથે સંમત છે પણ તેમણે એમ કહ્યું કે આ મામલે વડાપ્રધાન મોદી નાગરિકોને ખાતરી આપતું નિવેદન કર્યું છે.

તેમની સાથે ભાજપના અન્ય સિનિયર નેતાઓ અને રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ પણ બંધારણીય રીતે દેશના તમામ નાગરિકોના અધિકારોની જાળવણી માટે ખાતરી આપેલ છે.પરંતુ હવે લોકોને સરકારમાંથી શ્રધ્ધા ઉઠતી જાય છે.

## રામના જન્મ અંગે ઓલ ઇન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડના અબ્દુલ રહીમ કુરેશીના પુસ્તકમાં સંશોધનનો ઉલ્લેખ

ઓલ ઇન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડના પ્રવક્તા અબ્દુલ રહીમ કુરેશીએ તેમના પુસ્તક ફેક્ટસ ઓફ અયોધ્યા(મીથ ઓફ રામ જન્મ ભુમિ)માં દાવો કર્યો છે કે ભગવાન રામનો જન્મ અયોધ્યામાં નહીં પરંતુ હાલના પાકિસ્તાનમાં થયો હતો.પુસ્તકમાં એમ લખવામાં આવ્યું છે કે રામજન્મભુમિ વિવાદ અંગ્રેજોના શાસનની દેન છે. બોર્ડે નિર્ણય કર્યો છે કે તે આ પુસ્તકના સંશોધનોને સમગ્ર દેશ સમક્ષ મુકશે અને હિંદુ આગેવાનો સાથે પણ મુલાકાત કરશે.રામમંદિર વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલ ખટલામાં પર્સનલ બોર્ડ પણ એક પક્ષકાર છે.

કુરેશીએ વેદ અને પુરાણોને ટાંકીને તેમના પુસ્તકમાં દાવો કર્યો છે કે ભગવાન રામનો જન્મ અથવા સામ્રાજ્ય ગંગાના મેદાનોમાં હોવાનો ક્યાંય ઉલ્લેખ નથી. ભગવાન રામનું રાજ્ય સપ્ત સિંધુમાં હતું.જે હરિયાણા અને પંજાબથી લઇને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી ફેલાયેલ હતું.લેખક કહે છે કે હિંદુ યુગ પધ્ધતિની ગણતરી અનુસાર ભગવાન રામ ૨૪માં અથવા ૨૮માં ત્રેતા યુગમાં સામે આવ્યા.અત્યારે આપણે કલીયુગના ૨૮માં ચક્રમાં જીવી રહ્યા છીએ.આ ગણતરી પ્રમાણે ભગવાન રામ ૧.૮૦કરોડ વર્ષ પુર્વે થઇ ગયા.દુનિયામાં ક્યાંય આટલા વર્ષો જુના જીવનના પુરાવા મળ્યા નથી.કુરેશીએ એમ પણ લખ્યું છે કે રામાયણના આધારે ભગવાન રામ ઇ.સ.પુર્વે ૫૫૬૧ અથવા ૭૩૨ ઉમાં જન્મ્યા હોવાનું અનુમાન છે. પરંતુ ઉત્તરપ્રદેશના અયોધ્યા અને અન્ય ક્ષેત્રોમાં ઇ.સ.પુર્વે ૬૦૦ અગાઉ કોઇ જીવન જોવા મળ્યું નથી.

પુર્વ એએસઆઇ અધિકારી જસ્સુ રામના આર્ટિકલનો ઉલ્લેખ કરીને કુરેશીએ લખ્યું છે કે હકીકતમાં ભગવાન રામનો જન્મ પાકિસ્તાનના હાલના ડેરા ઇસ્માઇલ ખાતે થયો હતો.

મનુષ્યના દાંત ખડક જેટલી મજબુતાઇ ધરાવતા હોય છે.

લાસ વેગાસમાં કેસિનોમાં ઘડીયાળ રાખવામાં આવતી નથી.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## કોલેજીયમ બાબતે સરકાર અને સુપ્રીમ વચ્ચે ફરી ઘર્ષણના એંધાણ

ટોચની અદાલતોના જજોની નિમણુંક માટેની કોલેજીયમ સિસ્ટમના મામલે કેન્દ્ર સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચે ફરીથી ઘર્ષણના એંધાણ ઉભા થયા છે.સરકારે સુપ્રીમ કોર્ટના કોલેજીયમ દ્વારા અનુસરવામાં આવનાર મેમોરેન્ડમ ઓફ પ્રોસીજરનો મુસદ્દો તૈયાર કરવાનું નકારી કાઢ્યું છે.આ મુદ્દે તમામ ભલામણોને ધ્યાનમાં લીધા બાદ ટોચની ન્યાયપ્રણાલિમાં ભાવિ નિમણુંકો માટે એમઓપીના મુસદ્દો તૈયાર કરવા માટે કેન્દ્રને કહેવાના એક દિવસ બાદ જ સ્થિતિ ઉભી થઇ છે.સરકાર વતી એટર્ની જનરલે જણાવ્યું હતું કે જ્યુડિશરી દ્વારા ચકાસણી માટે એમઓપીનો મુસદ્દો આપવો શક્ય નથી.આ મુદ્દે કોર્ટે દિશા નિર્દેષ જારી કરવાનું કહ્યું છે.સરકાર આ બાબતે પહેલાંથી જ નારાજ છે.કારણકે સરકારને ન્યાયપાલિકાના જજોની નિમણુંકો પોતાની હસ્તક લેવી હતી જે સુપ્રીમે ફગાવી દીધી હતી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# અસહિષ્ણુતાના મુદ્દા કરતાં સંતાપ અનુભવતા લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે

દેશભરમાંથી એવોર્ડ વાપસી ચાલી રહી છે.દેશના બહુ ઉમદા કવિઓમાંના એક જયંતા મહાપાત્રએ તેમનો પધ્મશ્રી પુરસ્કાર પાછો આપી દેવાની જાહેરાત કરી. હું જયંતાને ત્રણ દાયકાથી ઓળખું છું. તેઓ જ્યારે પ્રકાશકને શોધવા સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે મે તેમના પ્રથમ કાવ્યસંગ્રહને પ્રગટ કર્યો હતો.આથી હું તેમના માટે ખાતરીપુર્વક કહી શકું છું કે તેમનામાં રાજકારણનો કોઈ છાંટો નથી.તેમના કાવ્યો બહુ આંતર્મુખ પ્રકારના હોય છે.તેમણે ક્યારેય કોઈ માન સન્માનની ખેવના રાખી નથી.પોતાનો એવોર્ડ પાછો આપતી વખતે જયંતાએ એવું જણાવ્યું કે દેશમાં નૈતિક અસમપ્રમાણતા વધી રહી છે.તેઓ પોતના પગલાંને દેશના અનાદર તરીકે નહીં પણ એક અંગત સ્વરુપના નાનકડોં અને અલ્પ મહત્વના પગલાં તરીકે ગણાવે છે.મારુ અનુમાન છે કે તેમણે આવું કહ્યું તેનું કારણ એ છે કે ઘણા લોકો આવા પગલાંને રાજકીય અને વર્તમાન સરકારને બદનામ કરવાના હેતુપુર્વકના હોવાનું કહીને વાતાવરણ ડહોળી રહ્યા છે.કદાચ અમુક લોકોનો એવો ઈરાદો હોઈ શકે પરંતુ હું જેમને જાણું છું તેવા એવોર્ડ પાછા આપી રહેલા મોટાભાગના લોકોએ આવું એટલા માટે કર્યું છે કે વર્તમાન સંજોગો સામે આક્રોશ વ્યકત કરવાનો બીજો કોઈ વિકલ્પ તેમને સુઝ્યો નથી.**આ આક્રોશ વર્તમાન સરકાર કે નરેન્દ્ર મોદી સામે નથી.** આ આક્રોશ વર્તમાન પ્રવાહો સામે છે. એક સપનું મરી રહ્યું છે તેની સામે છે.

કમનસીબે આ મડીયાએ આ લડાઈને વધુ પડતું સ્વરુપ સરળ આપી તેને અસહિષ્ણુતા સામેની લડાઈ ઠેરવી દીધી છે.અસહિષ્ણુતા તો દેશના સર્જનાત્મક લોકો જે કારણોસર પડી અનુભવી રહ્યા છે તેમાંનું એક કારણ માત્ર છે.અને દરેક વ્યક્તિ માત્ર અસહિષ્ણુતાનો વિરોધ કરવા એવોર્ડ પાછી નથી આપી રહી. તેમાંના કેટલાક લોકો વધતી હિંસા,સર્જનાત્મકતાને ઘોંટવાના પ્રયાસો,તરંગી પ્રતિબંધો અને અંગત જીવનમાં સરકારોની વધતી દખલગીરી, રેશનાલીસ્ટ ચિંતકોની હત્યા,લઘુમતીઓની અસલામતી જેવા કેટલાંય કારણોથી સંતાપ અનુભવે છે.મને નથી લાગતું કે આ બધી બાબતોનો દોષ એકલા મોદી ઉપર ઢોળી શકાય.પરંતુ, મોદી આ પતન અટકાવે તે જરુરી છે. હિંદુસ્તાન કેવળ હિંદુઓ માટે જ છે એવું કહેનારા ગર્વનરને તત્કાળ હોદ્દો છોડવા કહેવું જોઈએ. એપીજે અબ્દુલ કલામ એક મુસ્લીમ હોવા છતાં પણ સારા રાષ્ટ્રપતિ હતા એવું કહેનારા પ્રધાનને એપીજેનો બંગલો આપવાને બદલે તેમનો ઉઘડો લેવો જોઈએ.એ સિવાય પણ કેટલાય બેફામ બોલનારા નેતાઓ છે જે તમામને માત્ર મોદી જ ચુપ બેસવાનું કહી શકે છે.

આ કોઈ રાજકીય બાબત નથી. આ વર્તમાન સરકારનો વિરોધ પણ નથી. આ એક કર્કશ ઘોંઘાટ વચ્ચે પોતાને કોઈ સાંભળે તેવું ઈચ્છતા નવા ભારતનો અવાજ છે. તેઓ વધુ ઉદાસ એટલા માટે બની ગયા છે કે તેમના ઈરાદાઓનું ખોટુ અર્થઘટન થઈ રહ્યું છે.

તેમાના કેટલાય લોકો ટીવી ચેનલો પર પોતાની વાત સમજાવવામાં નિષ્ફળ ગયા છે.પોતાની નિરાશાને વ્યાજબી ઠેરવવા કે તેનો ખુલાસો આપી શકવાનું બધા માટે શક્ય નથી હોતું.પત્રકારો હંમેશા સંઘર્ષને પકડવાની ફીરાકમાં હોય છે.આથી તેઓ એવા પ્રશ્નો પુછે છે કે જેથી આ વિચારશીલ લોકો પણ પીછેહઠ કરી બેસે છે.મોટાભાગના લોકો અગાઉ કોગ્રેસ સરકારો અને અનિચ્છનીય બનાવો બનતા હતા ત્યારે તેમણે આ રીતે એવોર્ડ પાછા કેમ ન હતા આપ્યા તેનો કોઈ પ્રતિતીકર જવાબ આપવામાં નીષ્ફળ જાય છે.પણ, આવા પ્રશ્નોના કોઈ સાચા જવાબ હોતા નથી. એકદમ યોગ્ય સમયે જ વિરોધ થતો નથી. તે બસ થઈ જાય છે.

વાસ્તવિકતા એ છે કે લાંબા સમયથી આપણે રાજકારણીઓ પાસેથી કોઈ અપેક્ષા રાખવાનું છોડી દીધું છે. કોગ્રેસે ખાસ કરીને યુપીએ-ટુ વખતે આપણી આશાઓ હણી નાંખી હતી.મોદીએ બહુ ઊંચા સ્વરે ચુંટણી પ્રચાર કરીને આપણને નવી આશાઓ બંધાવી હતી. અચાનક આપણને લાગવા માંડ્યું હતું કે સાચુકલુ પરિવર્તન શક્ય છે. આજ કારણ છે કે આજે આપણે આટલા બધા નિરાશ છીએ. પરિવર્તન માટે અપાયેલો જનાદેશ આશા માટેનો પણ જનાદેશ હતો.પણ એ આશા પરિપુર્ણ થતી જણાતી નથી.આટલીજ વાત છે. પણ મોદી સર્મથકોને બધે રાજકારણ દેખાય છે.જો કોગ્રેસના શાસન વખતે પણ આવું થયું હોત તો કોઈએ આટલો સંતાપ ના અનુભવ્યો હોત.આજે તેઓ આક્રોશ અનુભવી રહ્યા છે કારણ કે મોદી પાસે તેઓ વધુ સારી અપેક્ષાઓ રાખતા હતા.મોદીએ તેમને આશા બંધાવી હતી કે તેઓ દેશમાં પરિવર્તન લાવી દેશે.મોદીએ તરંગી પ્રતિબંધ કે કોઈની હત્યા કરતાં ટોળાની આશા બંધાવી ન હતી.મોદીએ આશા અને પરિવર્તનનું વચન આપ્યું હતું.આથી આ બૌધ્ધિકો માને છે કે પરિસ્થિતિ સુધરવાની જવાબદારી મોદીની છે. ભાજપની નહીં.મોદીની વ્યક્તિગત જવાબદારી છે.પણ મોદી મનમોહનસિંહની જેમ મૌન રહેતા જણાય છે તેથી લોકો વધુ નિરાશ થઈ જાય છે.આ કોઈ છુપુ કાવતરુ નથી .આ માત્ર એક ચેતવણીનો સંકેત છે.મોદીના સલાહકારો આ સંકેત પારખીને મોદીએ ચુંટણી પ્રચાર વખતે જે સર્વસંમતિનું વચન આપ્યું હતું તે બાંધવા પ્રયાસ કરશે તો સારુ થશે.કોઈએ સરકાર બદલવાની વાત કરી નથી.આપણે માત્ર શાસનની ગુણવત્તામાં જ પરિવર્તન ઈચ્છીએ છીએ. શું આ કોઈ વધારે પડતી માંગણી છે ?હું એવું નથી માનતો અને એટલે જ મે એવોર્ડ સાચવી રાખ્યા છે. લેખક : પ્રિતેશ નાન્દી(સૌ. સંદેશ)

# ભારતીય નાગરિકોને આગામી વર્ષથી ઇ-પાસપોર્ટ મળી શકશે

ભારતીય નાગરિકને પણ હવે ઈ-પાસપોર્ટ મળી શકશે. ભારતના વિદેશ મંત્રાલયે ઈ-પાસપોર્ટની કામગીરી શરુ કરી દીધી છે.ઈ-પાસપોર્ટમાં એક નાનકડી ચીપ રહેશે જેમાં પ્રવાસીઓનો તમામ ડેટા ઉપલબ્ધ રહેશે.ઉ-પાસપોર્ટનું ડુપ્લીકેટ બનવું અશક્ય બનશે.ભારતીય નાગરિકોને આ ઈ-પાસપોર્ટ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭થી મળતો થઈ જશે.

હાલમાં જે પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવે છે જેમાં ડુપ્લીકેટ તમારી ઈમેજ હોવાથી ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવવો શક્ય નથી. પરંતુ ભેજાબાજ એજન્ટો બુકલેટમાં ચેડા કરી શકે છે. જેમાં ડિપાર્ચર-એરાઈવલના બોગસ સિક્કા પણ મારી દેતા હોય છે.હવે આવનારા નવા ઈ-પાસપોર્ટમાં આ બધું અશક્ય બનશે.પાસપોર્ટ બુકલેટમાં એક ચીપ લગાવવામાં આવશે જેમાં પ્રવાસી જે દેશની મુસાફરી કરશે તેની એન્ટ્રી ઈમિગ્રેશનમાં ચીપના આધારે કરવામાં આવશે.એટલે કે બુકલેટમાં મેન્યુયલ ડિપાર્ચર કે એરાઈવલના સહી સિક્કા મારવામાં આવશે નહીં.આ ચીપમાં પ્રવાસીઓનો તમામ ડેટા સ્ટોર રહેશે.પ્રવાસીઓએ ક્યા દેશમાં કેટલી વખત મુસાફરી કરી છે તેમજ જે દેશના વેલિડ વિઝા હશે તેનો પણ ડેટા ચીપમાં રહેશે.આ ડેટા પાસપોર્ટ વિભાગ પાસે રહેશે.આમ ઈ-પાસપોર્ટમાં ડિપાર્ચર કેએરાઈવલના બોગસ સિક્કા મારી શકાશે નહીં.જેથી તેમાં ચેડા કરવા મુશ્કેલ બનશે. દિલ્હીમાં ઈ-પાસપોર્ટ ટ્રાયલ ચાલી રહ્યો છે.જો સફળતા મળશે તો આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭થી નાગરિકો ને ઈ-પાસપોર્ટ મળતો થઈ જશે.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.